શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત
ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા
મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જયોતિર્ગમય

(માસિક મુખપત્ર)

To,

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : સાગર મલ્ટીફોર્મસ પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ.
વર્ષ : ૩ - અંક : ૧૮ તા.: ૧૧ ઓક્ટોબર ૨૦૧૧(૦૨૮૬-૨૨૪૮૦૫૧)

## 'ચાલો કોલેજ' અભિયાન અંતર્ગત કે.સી.જી. ટીમના પ્રતિનિધિ દ્વારા ગોઢાણિયા કોલેજની મુલાકાત

'ચાલો કોલેજ' અભિયાન અંતર્ગત, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરથી નિયુક્ત કરાયેલા, કે.સી.જી. ટીમના પ્રતિનિધિ શ્રી એલ. એન. ડામોરસાહેબ તા. ૧૯-૦૯-૨૦૧૧ના રોજ ડો. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજની મુલાકાતે આવ્યા હતા. તેઓશ્રીની કોલેજ મુલાકાત દરમ્યાન રજૂ કરાયેલા કાર્યક્રમની શરૂઆત સરસ્વતી સ્તુતિ અને સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી. આ પછી તરત જ સંસ્થાના અતિથિ શ્રી ડામોર સાહેબનું પુષ્પ તથા પુસ્તકથી સ્વાગત કરવામાં આવ્યું. આ પછી કોલેજમાં કાર્યરત જ્ઞાનધારાના ઉપક્રમે કોલેજ પ્રાર્થનામાં દરરોજ રજૂ કરાતા પ્રશ્નોતરી તથા સુવિચાર કોલેજની વિદ્યાર્થીની કુ. મિનલ રાઠોડ દ્વારા સૌની સમક્ષ મુકવામાં આવ્યા. આ પછી 'આજના મુખ્ય સમાચાર' કુ. ચાંદની કોટેચા તથા કુ. બંસી માખેચા દ્વારા વાંચવામાં આવ્યા. આ પછી તરત જ કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડો. નાગર સાહેબ દ્વારા એક પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું. જેમાં કે.સી.જી. અંર્તગત કોલેજમાં ચલાવાતા વિવિધ ઈનિશિયેટીવ જેવા કે પ્રાર્થના, સી.બી.સી.એસ., સપ્તધારા, ઉદ્દીશા, સંધાન, કે.એમ.પી.એફ., ડેલ તથા સ્કોપ વિશે માહિતિ પુરી પાડવામાં આવી. ઉપરાંત, કોલેજમાં કાર્યરત પી.એચ.ડી. તથા પી.એચ.ડી. ગાઈડ અધ્યાપકશ્રીઓ તથા અધ્યાપકશ્રીઓ દ્વારા બાઈસેગમાં વ્યાખ્યાન તથા તેમના દ્વારા તૈયાર કરાયેલ માઈનોર રીસર્ચ પ્રોજેકટ અંગેની જાણકારી આપવામાં આવી. ત્યારબાદ કોલેજમાં ઉપસ્થિત વિદ્યાર્થીનીઓને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર તરફથી સોંપાયેલી ડોકયુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી. વિદ્યાર્થીનીઓ દ્વારા સપ્તધારા ગીત 'ધરા ગુર્જરી...'નું સામુહિક ગાન કરવામાં આવ્યું. આ પછી તરત જ પોરબંદર જિલ્લાના ડિસ્ટ્રીકટ કો-ઓર્ડિનેટરશ્રી તરીકે મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડો. નાગર સાહેબે પોરબંદર જિલ્લામાં 'ચાલો કોલેજ' કે.સી.જી. અંતર્ગત કરવામાંઆવતી વિવિધ પ્રવૃતિઓ તથા વિવિધ ઈનિશિયેટીવ સાથે સંબંધિત પ્રેઝન્ટેશન રજૂ કર્યા પછી કોલેજના અધ્યાપકગણ સાથે સંબંધિત પ્રેઝન્ટેશન કોલેજના કોમ્પ્યુટર પ્રોગ્રામર શ્રી કલ્પનાબહેન જોષીએ રજૂ કર્યું. ત્યારબાદ શ્રી ડામોર સાહેબે પ્રાસંગિક ઉદ્બોધન કર્યુંતથા વિદ્યાર્થીનીઓ સાથે પ્રશ્નોતરી અને વાર્તાલાપ કર્યા અને રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાંઆવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ કુ. શ્રેયા ઓઝા તથા કુ. કોશા ઓઝાએ સુંદર રીતે કર્યું.

મુલાકાતના બીજા તબકકામાં શૈક્ષણિક અને વહિવટી સ્ટાફ સાથે શ્રી ડામોર સાહેબની એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું જેમાં કોલેજના કે.સી.જી. કો-ઓર્ડિનેટર શ્રી ડો. કેતનભાઈ શાહ દ્વારા તમામ અધ્યાપકશ્રીઓનો વ્યકિતગત પરિચય આપવામાંઆવ્યો.
કાર્યક્રમના અંતમાં, શ્રી ડામોર સાહેબે કોલેજમાં ચલાવાતી વિવિધ પ્રવૃતિઓ તથા કોલેજની પ્રગતિ જોઈને પ્રશંસા કરતાં જણાવ્યુંકે, 'સ્વર્ણિમ ગુજરાતનું સ્વપ્ન ડો. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં સાચા અર્થમાં સાકાર થયું છે.' છેલ્લે કોલેજના વાઈસ પ્રિન્સિપાલરી કગથરા સાહેબે શ્રી ડામોર સાહેબનો તથા કે.સી.જી. કાર્યક્રમ સાથે સંલગ્ન સૌનો આભાર માન્યો.

## 'ઉદ્દિશા' અંતર્ગત કારકિર્દી માર્ગદર્શન અંગેનો અનોખો કાર્યક્રમ-આર્મીમાં કારકિર્દી બનાવવાની તક અંગેનું માર્ગદર્શન

ગોઢાણિયા મહિલા કોલેજમાં તા. ૨૧-૯-૧૧ના રોજ ઉદીશા અંતર્ગત કારકિર્દી માર્ગદર્શન કેન્દ્રના કન્વીનરશ્રી ડો. કલ્પનાબહેન જોષીએ 'એરફોર્સ ગુજરાત બ્રાંચ', 'ઇ પ્લસ ફાઉન્ડેશન', 'બળશાળી ગુજરાત', 'ઈનરવ્હીલ કલબ-પોરબંદર'ના સહકારથી એક અનોખા કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું કર્યુ હતું. જેમાંડી.આઈ.જી. (ઈન્ડિયન કોસ્ટગાર્ડ) શ્રી બગોદરા સાહેબ, એરફોર્સ ગુજરાત બ્રાંચના એરમાર્શલ શ્રી દેસાઈ સાહેબ, ભારતીય સેનાના રીટાયર્ડ કર્નલ શ્રી વિનોદ ફાલની કરજી ઉપરાંત શ્રી લક્ષ્મણ કુલકર્ણી, બળશાળી ગુજરાત પ્રોજેકટના કન્વીનર શ્રીમતી યશસ્વિની તેમ્બે તથા ડો. કુ. ભગવતી ઓઝા ઉપસ્થિત રહયા હતા.

ગોઢાણિયા કોલેજમાંઆ અંગે સંપન્ન થયેલા કાર્યક્રમમાં 'ઈનર વ્હીલ કલબ - પોરબંદર'ના પ્રેસિડેન્ટ શ્રીમતી ચેતનાબહેન રૂઘાણી, પ્રોજેકટ કો-ઓર્ડિનેટર શ્રીમતી ચારૂલતાબહેન તથા શ્રીમતી વર્ષાબહેન બદિયાણી તથા 'રોટરી કલબ ઓફ પોરબંદર'ના શ્રી હર્ષિતભાઈ રૂઘાણીએ અગત્યની ભૂમિકા ભજવી હતી.

કાર્યક્રમ દરમિયાન શ્રી બગોદરા સાહેબે જણાવ્યું કે, 'દરેક માનવી ખુશ તથા સમાજ ઉપયોગી બની રહેવા ઈચ્છતો હોય છે. તેના માટે આર્મીમાં કારકિર્દીનું ઘડતર કરી શકાય.' એરમાર્શલ શ્રી દેસાઈ સાહેબે જણાવ્યું કે, કોઈ પણ વ્યવસાયમાં અંગ્રેજીની જાણકારી અનિવાર્ય છે. શ્રીમતી યશસ્વિની તેમ્બેએ જનજાગરણ તથા આત્મરક્ષણ સાથે સંબંધિત એક સ્વરરચિત ડોકયુમેન્ટરી વિદ્યાર્થીનીઓને બતાવવા ઉપરાંત ભારતીય સેનામાં કારકિર્દીનું ઘડતર કરીને વિદ્યાર્થીનીઓ પણ સમાજમાં ઉચ્ચ સ્થાન અને સન્માન પ્રાપ્ત કરી શકે તે બાબત સંબંધી વિદ્યાર્થીનીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. આમ, ગોઢાણિયા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓને ભાવિ કારકિર્દીના ઘડતર અંગે એક નવા જ પ્રકારનું માર્ગદર્શન પ્રાપ્ત થયું.

ખુશ રહી જોખમોનો સામનો કરો, જીવન સુંદર બનશે.

## ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનની મિટિંગ

ગોઢાણિયા મહિલા કોલેજમાંતા. ૪-૯-૧૧ને રવિવારના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનની એક મિટિંગનુંઆયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ કે જેઓ હાલમાંજુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓ તથા વહીવટી કાર્યાલયોમાં જુદા જુદા હોદાઓ ઉપર કાર્યરત છે, ખૂબ મોટી સંખ્યામાં હાજર રહી હતી.

મિટિંગની શરૂઆત કોલેજની વિદ્યાર્થીની કુ. શોભના બાપોદરા દ્વારા સ્તુતિવંદના સાથે કરવામાં આવી. ત્યારબાદ મંચ પર બિરાજમાન મહાનુભાવો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓની પ્રતિનિધિ કુ. ચાંદની દવે નું પુષ્પોથી સ્વાગત કર્યા બાદ, ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના કન્વીનરશ્રી ડો. રેખાબહેન મોઢાએ આ સંગઠનની પ્રવૃતિઓનો પરિચય આપતાં જણાવ્યું હતું કે, 'ગોઢાણિયા મહિલા કોલેજમ ાંછેલ્લા પાંચ વર્ષથી ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન કાર્યરત છે. તેમાં દર વર્ષે નિયમિત રીતે નવી વિદ્યાર્થીનીઓનું રજીસ્ટ્રેશન કરાય છે તેમને ઉચ્ચ અભ્યાસ અંગે તથા કારકિર્દી સંબંધી માર્ગદર્શન પણ સંસ્થા દ્વારા પુરું પાડવામાં આવે છે અને તેઓ કોલેજમાં આવીને કોઇ પ્રવૃતિ અથવા ટૂંકા ગાળાના કોર્ષ ચલાવવા માગતા હોય તો પણ પ્રોત્સાહન અપાય છે. સંસ્થા માટે ગૌરવની બાબત એ છે કે પોરબંદરની તમામ શૈક્ષણિક સંસ્થાઓ તથા વહિવટી ઓફિસોમાં પણ ડો. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ કાર્યરત છે. ઉપરાંત કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ સમગ્ર ગુજરાતમાં, દેશના અન્ય રાજયોમાં તથા વિદેશમાં પણ ઉચ્ચ હોદાઓ ઉપર રહીને ફરજ બજાવી રહી છે.'

પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં પ્રિન્સિપાલશ્રી ડો. નાગર સાહેબે જણાવ્યું કે આ કોઇ રાજકીય મંડળ નથી કે તેની પાછળ કોઇ આર્થિક હેતુ પણ નથી. કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ સંસ્થાના સંપર્કમાં રહે તો તેમની પણ પ્રગતિ થશે અને તેઓ પોતાની પ્રવૃતિઓ થકી સંસ્થાને પણ ઉપયોગી બની શકશે. ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓને સંબોધન કરતા ટ્રસ્ટીશ્રી ભરતભાઇ વિસાણાએ જણાવ્યું કે, 'ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓને કારકિર્દી સંબંધી કોઇપણ પ્રકારનાં માર્ગદર્શનની જરૂરિયાત હોય તો સંસ્થામાં કારકિર્દી માર્ગદર્શન તથા રોજગાર કેન્દ્ર ઉપલબ્ધ છે. આ સિવાય તેઓ કોલેજમાં આવીને કોઇ શોર્ટ ટર્મ કોર્ષ ચલાવવા માગતા હોય તો પણ સંસ્થા તે માટે પ્રોત્સાહન આપવા તૈયાર છે તેથી સંસ્થાના સતત સંપર્કમાં રહો અને પ્રગતિ સાધો.

આ પછી ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓના અભિપ્રાયો તથા અપેક્ષાઓ અંગેની જાણકારી મેળવવામાં આવી તથા કોલેજના કારકિર્દી માર્ગદર્શન કેન્દ્ર સાથે સંકળાયેલા શ્રી દેવીનાબહેન બાપોદરાએ જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રિન્સિપાલશ્રી ડો. નાગર સાહેબ, ટ્રસ્ટીશ્રી ભરતભાઇ વિસાણા તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન સાથે સંકળાયેલા ડો. રેખાબહેન મોઢા, ડો. કિર્તીબહેન જાની તથા પ્રા. વર્ષાબહેન જોષીએ જહેમત ઉઠાવી હતી તથા ડો. ઇલાબહેન થાનકી, પ્રા. ઇલાબહેન વજરીયા, ડો. મૂળજીભાઇ વાઘેલા, પ્રા. ભરતસિંહ ડોડીયા, પ્રા. શ્રી રાકેશભાઇ કકકડ ઉપરાંત શ્રી સુરેશભાઇ ગોરસીયા તથા કોલેજ પરિવારનો સહકાર પ્રાપ્ત થયો હતો.

## કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી
## વિદ્યાર્થીનીઓ પ્રાધ્યાપકની ભૂમિકામાં, પ્રા. ડો. મૃદુલા મુખરજીનું વકતવ્ય તથા સ્વરરચિત કાવ્ય અભિવ્યકિત સ્પર્ધાનું આયોજન

ગોઢાણિયા મહિલા કોલેજમાંતા. ૫-૯-૧૧ના રોજ 'શિક્ષક દિન'ની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું. જેમાં એન. એસ. એસ. દ્વારા વિદ્યાર્થીનીઓને 'એક દિવસના પ્રાધ્યાપક' બનવાની તક આપવામાં આવી અને આ અંગેના સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ ડો. સંગીતાબહેન પારેખ તથા પ્રા. સુહાગીની બહેન ગરાસિયા દ્વારા કરવામાં આવ્યું. સાથોસાથ તે જ દિવસે પોરબંદર પધારેલા 'જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી, ન્યુ દિલ્હી'ના 'Centre for Historical Studies'ના 'Modern History'ના પ્રાધ્યાપકશ્રી ડો. મૃદુલા મુખરજી કે જેઓ ૪૦ વર્ષનો અધ્યાપનકાર્યનો અનુભવ ધરાવે છે અને દિલ્હીની N.G.O. 'અનહદ' સાથે સંકળાયેલા છે. તેમના વકતવ્યનું આયોજન 'જ્ઞાનધારા'ના ઉપક્રમે કરવામાં આવ્યું પોતાના વકતવ્ય દરમ્યાન ડો. મુખરજીએ જણાવ્યું કે, 'શિક્ષકો નવી પેઢીને માટે એટલા જ જરૂરી છે જેટલા માતાપિતા. ઉપરાંત, તેમણે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીજીની ભૂમિકાને સ્પષ્ટ કરી તથા તે સમયે થયેલા કિસાન આંદોલન, આદિવાસી આંદોલન, સ્ત્રી સશકિતકરણ વિગેરે જેવી બાબતો અંગે પણ ચર્ચા કરી. કાર્યક્રમ દરમ્યાન વકતાશ્રીનો પરિચય ડો. રેખાબહેન મોઢાએ આપ્યો તથા પ્રિન્સિપાલશ્રીએ તેમનું સ્વાગત કર્યું.

આજ કાર્યક્રમ દરમ્યાન જ્ઞાન ધારા તથા હિન્દી સાહિત્યસભા દ્વારા જિલ્લા કક્ષાની 'સ્વરચિત કાવ્ય અભિવ્યકિત સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પોરબંદરના જાણીતા કવિ અને લેખકશ્રી હરિશભાઇ થાનકીએ ભજવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતા - જોડ ગવિતા, દ્વિતિય વિજેતા - પુરોહિત મહેશ્વરી તથા તૃતીય વિજેતા - વાળા ભાવિકા રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજ પરિવારના તમામ સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

### ટેબલ ટેનિસ, યોગાસન, વાલીબોલ, ખો-ખોની ટીમ જિલ્લા કક્ષાએ ચેમ્પીયન ટીમ, કબડ્ડીની ટીમ રનર્સ અપ
## સપ્તધારા અંતર્ગત, જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં ડો. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજનો દબદબો

ગુજરાત સરકાર દ્વારા ચલાવાઇ રહેલ કાર્યક્રમ 'સપ્તધારા' અંતર્ગત, પોરબંદર જિલ્લાની કુલ ૧૧ કોલેજો વચ્ચે તા. ૧૦-૦૯-૧૧ થી ૧૮-૦૯-૧૧ દરમ્યાન જુદી જુદી 'જર' પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અગ્રગણ્ય શૈક્ષણિક સંસ્થા તરીકે ખ્યાતિપ્રાપ્ત ડો. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર દરેક સ્પર્ધાઓમાં ભાગ લઇને, ઉચ્ચ વિજેતા ક્રમાંક પ્રાપ્ત કરી, 'ગોઢાણિયા મહિલા કોલેજ'ને સમગ્ર જિલ્લામાં ગૌરવ અપાવેલ છે. આ સ્પર્ધાઓમાં 'ખેલ કૂદ યોગ વ્યાયામ ધારા' અંતર્ગત યોજાયેલ બહેનો માટેની વિવિધ સ્પર્ધાઓમાં ડો. વી. આર. જી. મહિલા કોલેજની ટેબલ ટેનિસ, યોગાસન, વોલીબોલ અને ખો-ખોની ટીમોએ જિલ્લા કક્ષાએ ચેમ્પીયન ટીમ તરીકે અને કબડ્ડીની ટીમે રનર્સ અપ ટીમ તરીકે જાહેર થવાનું બહુમાન પ્રાપ્ત કરેલ છે.

જિલ્લા કક્ષાની આ સ્પર્ધાઓનો ભરચકક કાર્યક્રમ આ મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| **(૧)** | **જ્ઞાનધારા :-** | | |
| | સ્પર્ધાનું નામ | વિજેતા ક્રમાંક | વિજેતાનું નામ |
| | (૧) ક્વિઝ | દ્વિતિય | બળેજા શિલ્પા તથા વાઘેલા કીર્તિબાલા |
| **(૨)** | **નાટ્યધારા :-** | | |
| | (૧) સ્કિટ | પ્રથમ | હંસા, વાસંતી, નીતા, ભાવિશા, તેજલ |
| | (૨) એકાંકી | તૃતીય (ગ્રુપ) | મિતલ, હંસા, ભાવિશા, ચેતના, રેખા, હર્ષિદા |
| | (૩) માઇમ | દ્વિતિય (ગ્રુપ) | જાગૃતિ, રક્ષા, રાધા, હંસા ભાવિશા, વાસંતી |
| | (૪) એકપાત્રીય અભિનય | તૃતીય | કુ. દીપીકા ચુડાસમા |
| **(૩)** | **ગીત સંગીત નૃત્યધારા :-** | | |
| | (૧) સુગમ સંગીત | દ્વિતિય | કુ. હિમા જોષી |
| | (૨) લોકગીત | પ્રથમ | કુ. પુતી મોઢવાડિયા |
| | | દ્વિતિય | કુ. સુનીતા ઓડેદરા |
| | (૩) શાસ્ત્રીય કંઠ્ય સંગીત | પ્રથમ | કુ. બીનીતા મહેતા |
| | (૪) સમુહ ગીત | દ્વિતિય | કુ. મહેતા બીનીતા ગ્રુપ |
| | (૫) લોકનૃત્ય | તૃતીય | કુ. સવિતા ઓડેદરા ગ્રુપ |
| | (૬) ગરબા | દ્વિતિય | કુ. હિરલ કારીચા ગ્રુપ |
| **(૪)** | **ખેલકૂદ યોગ વ્યાયામ દ્વારા** | | |
| | (૧) ૨૦૦ મીટર દોડ | પ્રથમ | કુ. માયા રામદતી |
| | (૨) હાઇ જમ્પ | પ્રથમ | કુ. વર્ષા ચૌહાણ |
| | | દ્વિતિય | કુ. સંતોક કારાવદરા |
| | (૩) તિરંદાજી | પંચમ | કુ. ભૂમિકા પંડ્યા |
| | (૪) ડિસ્ક થ્રો | પ્રથમ | કુ. ધાની ઓડેદરા |
| | (૫) ગોળા ફેંક | પ્રથમ | કુ. સંતોક કારાવદરા |
| | | દ્વિતિય | કુ. ધાની ઓડેદરા |
| | (૬) ટેબલ ટેનિસ | પ્રથમ | કુ. સોનલ રૂઘાણી |
| | | દ્વિતિય | કુ. શિવાનીબા જેઠવા |
| | | પંચમ | કુ. મંજુ ઓડેદરા |
| | (૭) યોગાસન | પ્રથમ | કુ. હીના વાઘ |
| | | દ્વિતિય | કુ. દેવી કારાવદરા |
| | | તૃતિય | કુ. હેતલ ખૂંટી |
| | | ચતુર્થ | કુ. સેજલ ઓડેદરા |
| | | પંચમ | કુ. ઈશિતા રાઠોડ |
| | (૮) વોલીબોલ | પ્રથમ ગ્રુપ | દેવિકા, શિવાનીબા, દિવ્યા, મનીષા, પ્રિયંકા, દેવી, શાંતિ, મિતલ, મિતુ, ભૂમિકા, પુનમ |
| | (૯) ખો-ખો | પ્રથમ ગ્રુપ | મંજુ, શાંતિ, નિશા, ગીતા, વર્ષા, ભારતી, રેખા, અંજુ, વનિતા, રોશની, નીલુ, કાજલ, સંતોક |
| | (૧૦) કબડ્ડી | પ્રથમ ગ્રુપ | કાજલ, શીતલ, લીલુ, નીતા, શાંતિ, ભારતી, મંજુલા, પ્રિયંકા, સંતોક, મિતલ, રેખા, ભૂમિકા, ભારતી |
| **(૫)** | **રંગ કલા કૌશલ્ય ધારા** | | |
| | (૧) શીઘ્ર ચિત્રકલા | પ્રથમ | કુ. નિધિ રાડીયા |
| | | દ્વિતિય | કુ. ભક્તિ દેવાણી |

| | | | |
|---|---|---|---|
| (૨) | પોસ્ટર મેકીંગ | પ્રથમ | કુ. રિયા મકવાણા |
| | | દ્વિતિય | કુ. ખુશ્બુ ભરડા |
| (૩) | કોલાજ | પ્રથમ | કુ. નિધિ રાડીયા |
| | | દ્વિતિય | કુ. આશા ફટાણિયા |
| (૪) | કાર્ટુન | પ્રથમ | કુ. રિયા મકવાણા |
| | | દ્વિતિય | કુ. ભકિત દેવાણી |
| (૫) | રંગોળી | દ્વિતિય | કુ. આશા ફટાણિયા |
| (૬) | કલે મોડેલીંગ | તૃતીય | કુ. ચેતના રાણીગા |

**(૬) સર્જનાત્મક અભિવ્યકિત ધારા**

| | | | |
|---|---|---|---|
| (૧) | કાવ્ય પઠન | તૃતીય | કુ. મહેશ્વરી પુરોહિત |

**(૭) સામુદાયિક સેવા ધારા**

સામુદાયિક સેવા ધારા દ્વારા તા. ૧૦-૦૯-૧૧થી તા. ૧૭-૦૯-૧૧ દરમ્યાન ‘કોલેજ બિલ્ડીંગ સફાઇ અભિયાન’ હાથ ધરવામાં આવ્યું.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત યુવક મહોત્સવમાં ‘મહિલા કોલેજ’ દ્વારા પોરબંદર જિલ્લાને ગૌરવ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા આયોજિત ‘યુવક મહોત્સવ’ની ઝોન લેવલની વિવિધ સ્પર્ધાઓનું આયોજન અમરેલી મુકામે તા. ૩૦-૦૯-૧૧, ૧-૧૦-૧૧ તથા ૨-૧૦-૧૧ના દિવસો દરમ્યાન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૫ થી ૩૬ કોલેજો અને ૨૦૦૦ થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓમાં ગોઢાણિયા મહિલા કોલેજની ૨૭ વિદ્યાર્થીનીઓએ ગોઢાણિયા કોલેજ તથા પોરબંદર જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને ચાર પ્રકારની સ્પર્ધાઓમાં ઉચ્ચ વિજેતા ક્રમાંક પ્રાપ્ત કરીને ડો. વી. આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલ તથા પોરબંદર જિલ્લાને યુનિવર્સિટી કક્ષાએ પણ ગૌરવ અપાવ્યું છે. આ સ્પર્ધાઓ અને સ્પર્ધકો આ મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | રંગોળી સ્પર્ધા | દ્વિતિય વિજેતા | કુ. આશા ફટાણિયા |
| (૨) | દુહા છંદ | દ્વિતિય વિજેતા | કુ. મહેશ્વરી પુરોહિત |
| (૩) | વકતૃત્વ સ્પર્ધા | તૃતીય વિજેતા | કુ. શ્રેયા ઓઝા |
| (૪) | પોસ્ટર મેકીંગ | તૃતીય વિજેતા | કુ. રિયા મકવાણા |

આ સ્પર્ધાઓમાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિજેતાઓએ ઇન્ટરઝોનલ સ્પર્ધાઓમાં દક્ષિણ ઝોનનું પ્રતિનિધિત્વ કરવાનું હોવાથી ઉપરના ચારેય સ્પર્ધકોએ ઇન્ટરઝોનલ સ્પર્ધામાં ભાગ લીધો છે. જેનું પરિણામ હવે પછી જાહેર થશે.

## ‘યુથ રેડક્રોસ’ના ઉપક્રમે વ્યાખ્યાન તથા થેલેસેમિયા ટેસ્ટનું આયોજન

- યુથ રેડક્રોસ તથા હેલ્થ સેન્ટરના સંયુકત ઉપક્રમે થેલેસેમિયા ટેસ્ટનું આયોજન તા. ૨૦-૯-૧૧
- એઇડ્સ જાગૃતિ અંગેનું વ્યાખ્યાન તા. ૨૬-૯-૧૧ જેમાં ડો. નીતાબહેન વસાવડાએ વકતવ્ય આપ્યું.
- ‘સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓ (N.G.O.) અને સમાજ માટે તેના કાર્યો’ વિષય પર વ્યાખ્યાન. જેમાં પ્રા. ધવલભાઇ આરદેશણાએ વકતવ્ય રજૂ કર્યું. તા. ૧-૧૦-૧૧

આ તમામ પ્રવૃતિઓ યુથ રેડક્રોસના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ચેતનાબહેન બેચરાનાં માર્ગદર્શન સાથે કરવામાં આવી.

## હેલ્થ સેન્ટર અંતર્ગત થયેલ પ્રવૃતિઓ

(૧) હેલ્થ સેન્ટર તથા યુથ રેડક્રોસના સંયુકત ઉપક્રમે, રોટરી કલબ, પોરબંદરના સહયોગથી થેલેસેમિયા ટેસ્ટનું આયોજન તા. ૨૦-૯-૧૧ના રોજ કરવામાં આવ્યું. જેમાં ૮૫ વિદ્યાર્થીનીઓએ થેલેસેમિયા ટેસ્ટ કરાવેલ. આ કેમ્પ દરમ્યાન કોલેજના મુલાકાતી પ્રાધ્યાપક શ્રી ધવલભાઇ આરદેશાણા રોટરી કબલ, પોરબંદરના સભ્ય હોવાથી તેમણે ઘણી જ જહેમત ઉઠાવી આ કેમ્પ દરમિયાન રોટરી કલબ, પોરબંદરના પ્રેસિડેન્ટ શ્રી જયેશભાઇ પતાણી પણ પોતાની ટીમ સાથે કોલેજ કેમ્પસમાં હાજર રહયા હતા અને થેલેસેમિયા તથા તેના ટેસ્ટ અંગે વિદ્યાર્થીનીઓને સાચી સમજ પુરી પાડી હતી.

(૨) ગોઢાણિયા કોલેજની S.Y.B.Sc. Home Science ની વિદ્યાર્થીનીઓએ પોતાના અભ્યાસક્રમના સંદર્ભે, કોલેજના હેલ્થ સમિતિના સભ્યશ્રી પ્રા. મીરાંબહેન મહેતાની સાથે રહીને લાયન્સ કલબ, પોરબંદર ખાતે કાર્યરત ‘ક્રિટીકલ કેર’ સાથે સંબંધિત અત્યંત આધુનિક સાધનોથી સુસજ્જ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન આ હોસ્પટલમાં કાર્યરત ડો. કમલભાઇ મહેતા તથા ડો. પરમાર સાહેબે પોરબંદરમાં આવી અદ્યતન હોસ્પિટલની જરૂરિયાત અંગેની તથા અન્ય માહિતિ વિદ્યાર્થીનીઓને પુરી પાડી હતી તથા I.C.U. સેન્ટરમાં ‘લાઇસ સેવિંગ સપોર્ટ’ સાધનો કેવી રીતે કામ કરે છે તે અંગેની પ્રેકટીકલ જાણકારી પુરી પાડી હતી.

હેલ્થ સેન્ટરના કન્વીનરશ્રી ડો. કેતનભાઇ શાહે આ બંને પ્રવૃતિઓ દરમિયાન પુરતું માર્ગદર્શન પુરું પાડયું હતું.

## ‘મૂલ્ય નિષ્ઠ શિક્ષણ’ અંતર્ગત સ્પર્ધાઓનું આયોજન

(૧) નિબંધ લેખન સ્પર્ધા વિષય :- ‘મનુષ્ય જીવનમાં પ્રાર્થનાનું મહત્વ’ નિર્ણાયકશ્રીઓ :- (૧) ડો. ગીતાબહેન ઉનડકટ
(૨) પ્રા. દક્ષાબહેન ચોટાઇ

વિજેતાઓ :- (૧) કુ. બંસી મોઢા
(૨) કુ. હીના વાઘ
(૩) કુ. શહેનાઝ ચાવડા

(૨) ભજન સ્પર્ધા નિર્ણાયકશ્રીઓ :- (૧) ડો. ગીતાબહેન ઉનડકટ
(૨) પ્રા. દક્ષાબહેન ચોટાઇ

વિજેતાઓ :- (૧) કુ. મહેશ્વરી પુરોહિત
(૨) કુ. પુતી મોઢવાડિયા અને કુ. સોનલ પુરોહિત
(૩) કુ. સુનીતા ઓડેદરા

## એન.એસ.એસ. અંતર્ગત થયેલી પ્રવૃતિઓ

(૧) તા. ૫-૯-૧૧ શિક્ષક દિનની ઉજવણી
(૨) તા. ૧૭-૯-૧૧ 'ઇન્ટરનેશનલ કોસ્ટ કલીનઅપ ડે' નિમિતે ૬૦ વિદ્યાર્થીનીઓ સાથે ચોપાટી મેદાનની સફાઇ
(૩) તા. ૧૮-૯-૧૧ કે.સી.જી. ટીમની કોલેજ મુલાકાતના સંદર્ભે કોલેજ કેમ્પસની સફાઇ
(૪) તા. ૨-૧૦-૧૧ 'ગાંધી જયંતિ'ની ઉજવણીના ભાગરૂપે કોલેજ ગ્રાઉન્ડની સફાઇ

## લાઈબ્રેરી સમિતિ દ્વારા થયેલ પ્રવૃતિઓ

(૧) તા. ૩-૯-૧૧ સુવિચાર સ્પર્ધા
(૨) તા. ૨૬-૮-૧૧ સંસ્કૃત વિષયનું પુસ્તક પ્રદર્શન
(૩) તા. ૧૦-૯-૧૧ હોમ સાયન્સ (બાળ વિકાસ) પુસ્તક પ્રદર્શ
(૪) તા. ૧૩-૯-૧૧ સમાજ શાસ્ત્ર વિષયનું પુસ્તક પ્રદર્શન

## સપ્તધારા અંતર્ગત થયેલ પ્રવૃતિઓ

**(૧) જ્ઞાનધારા –**

(૧) જિલ્લા કક્ષાની નિબંધ, વકતૃત્વ, કિવઝ, ડિબેટ સ્પર્ધામાં ભાગ લેનારા સ્પર્ધકોને માર્ગદર્શન
(૨) સ્વરચિત કાવ્ય અભિવ્યકિત સ્પર્ધા
(૩) બુક રીવ્યુ અંગે માર્ગદર્શન

**(૨) નાટ્યધારા –**

(૧) એકપાત્રીય અભિનય તથા માઇમ અંગે શ્રી હરીશભાઇ થાનકીનું માર્ગદર્શક વ્યાખ્યાન
(૨) જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ - માઇમ, એકાંકી, એકપાત્રીય અભિનય, સ્કિટમાં ભાગલેનારા સ્પર્ધકોને સતત માર્ગદર્શન અને પ્રેકટીશ

**(૩) રંગકલા કૌશલ્ય ધારા**

(૧) જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ - શીઘ્ર ચિત્રકલા, કોલાજ, કાર્ટુન, રંગોળી, મહેંદી, પોસ્ટર મેકિંગ, વિગેરેમાં ભાગ લેનારા સ્પર્ધકોને અલગ તારવવા માટે કોલેજ કક્ષાએ આ બધી સ્પર્ધાઓનું આયોજન કરાયું અને તેના વિજેતાઓને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે મોકલવામાં આવ્યા.
(૨) 'ઇનોવેટીવ ગ્રુપ ઓફ આર્ટસ ટીચર્સ' સંસ્થા દ્વારા યોજાયેલા એક વર્કશોપમાં કોલેજની પાંચ વિદ્યાર્થીનીઓ સાથે રંગકલા કૌશલ્ય ધારાના કન્વીનર શ્રી પ્રા. સ્મિતાબહેન આચાર્ય જોડાયા હતા. અને વિદ્યાર્થીનીઓને આ અંગેની તાલીમ અપાવી હતી.

**(૪) ગીત–સંગીત નૃત્ય ધારા**

(૧) જિલ્લા કક્ષાની સ્પર્ધામાં કોલેજનું પ્રતિનિધિત્વ કરનારા સ્પર્ધકોને લોકગીત, સુગમ સંગીત, સમુહ ગીત, લોક નૃત્ય, ગરબા વિગેરે જેવી સ્પર્ધાઓ અંગે જરૂરી માર્ગદર્શન તાલીમ અને પ્રેકટીશ પુરા પાડયા.

**(૫) સર્જનાત્મક અભિવ્યકિત ધારા**

(૧) જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ - કાવ્યપઠન, વાર્તાલેખન, પાદપૂર્તિ વિગેરેમાં કોલેજનું પ્રતિનિધિત્વ કરનારા સ્પર્ધકોને માર્ગદર્શન, તાલીમ અને પ્રેકટીશ પુરા પાડવામાં આવ્યા. જેમાં શ્રી દુર્ગેશભાઇ ઓઝા, શ્રી રામજીભાઇ પાડલિયા તથા કુ. મિતલ મોઢા જેવા નિષ્ણાંત, અનુભવીઓનાં જ્ઞાનનો લાભ પણ સ્પર્ધકોને પુરો પાડવામાં આવ્યો.
(૨) કોલેજ કક્ષાએ રાખડી સ્પર્ધા, દેશભકિત ગીતની સ્પર્ધા, કાવ્યજ્ઞાન સ્પર્ધા, કલાત્મક કાર્ડ બનાવવાની સ્પર્ધા વિગેરેનું આયોજન કરાયું.

**(૬) ખેલ કૂદ યોગ વ્યાયામ ધારા**

જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ - જેવી કે ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર તથા ૪૦૦ મીટર દોડ, હાઇ જમ્પ, ગોળા ફેંક, ડિસ્ક થ્રો, ટેબલ ટેનિસ, વોલીબોલ, ખો-ખો, યોગાસન, કબડ્ડી વગેરેના સ્પર્ધકોને સતત તાલીમ અને પ્રેકટીસ પુરા પાડવામાં આવ્યા.

## અભ્યાસવર્તુળ અંતર્ગત થયેલ પ્રવૃતિઓ

**(૧) સમાજશાસ્ત્ર અભ્યાસવર્તુળ**

(૧) કારકીર્દિ માર્ગદર્શન કેન્દ્ર સાથે જોડાઇને T.Y.B.A. સમાજશાસ્ત્રની વિદ્યાર્થીનીઓનું રોજગારલક્ષી રજીસ્ટ્રેશન ૧૪-૯-૧૧
(૨) સમાજશાસ્ત્ર વિષયનાં પુસ્તકોનું પ્રદર્શન તા. ૧૩-૯-૧૧
(૩) વ્યકિતગત વિચારોની અભિવ્યકિત
વિષય : (૧) ભ્રષ્ટાચાર અને સમાજ (૨) આત્મહત્યાના વધતા જતા બનાવો - ચિંતા કે ચિંતન ૧-૧૦-૧૧

સમસ્યાનાં મૂળ સુધી જવાથી સમાધાનન શોધવું સરળ થઇ જાય છે.

**(૨) અર્થશાસ્ત્ર અભ્યાસવર્તુળ**

(૧) T.Y.B.A. અર્થશાસ્ત્રની વિદ્યાર્થીનીઓને માટે ભાવિ કારકીર્દિ સંબંધી વ્યાખ્યાન વકતાશ્રી દેવિનાબહેન બાપોદરા

(૨) કિવઝ સ્પર્ધાનું આયોજન - જેમાં વિવિધ પ્રકારની ઓડિયો - વિઝયુઅલ ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો આમા

પ્રથમ વિજેતા - T.Y.B.A. ની વિદ્યાર્થીનીઓ

દ્વિતિય વિજેતા - FY.B.A. ની વિદ્યાર્થીનીઓ

તૃતીય વિજેતા - S.Y.B.Com. ની વિદ્યાર્થીનીઓ

(૩) સંસ્કૃત અભ્યાસવર્તુળ

નિબંધ લેખન સ્પર્ધા

વિષય : શ્રીમદ્ ભગવદ્ ગીતા

નિર્ણાયકશ્રી : પ્રા. ડો. ગીતાબહેન ઉનડકટ

વિજેતાઓ : (૧) કુ. તેજલ ગોહેલ

(૨) કુ. ભાવિશા વાળા

(૩) કુ. હેતલ સોલંકી તથા કુ. નેહા થાનકી

**(૪) હોમ સાયન્સ અભ્યાસવર્તુળ**

(૧) શ્રીમતી જયશ્રીબહેન વિરમભાઇ ગોઢાણિયા હોસ્ટેલની મુલાકાત તા. ૧૦-૯-૧૧

(૨) 'વાલીમા વૃદ્ધાશ્રમ'ની મુલાકાત તા. ૧૨-૯-૧૧

(૩) નવરાત્રી સ્ટેપ્સ અંગેનો એક મહિનાનો ટૂંકાગાળાનો કોર્ષ

(૪) મહેંદી તાલીમ અંગેનો એક મહિનાનો ટૂંકાગાળાનો કોર્ષ

(૫) ટી.વાય.બી.એસ.સી. હોમ સાયન્સની વિદ્યાર્થીનીઓ દ્વારા એક દિવસ માટે કેન્ટીન ચલાવવામાં આવી. તા. ૨૭-૯-૧૧

(૬) શ્રી સાંદિપની વિદ્યાનીકેતનની મુલાકાત તા. ૨૪-૯-૧૧

(૭) 'દાંડિયા શણગાર સ્પર્ધા' તા. ૨૯-૯-૧૧

નિર્ણાયકશ્રી : પ્રા. દક્ષાબહેન ચોટાઇ

વિજેતા (૧) કુ. ભાવિકા થાનકી (૨) કુ. નિધિ થાનકી (૩) કુ. દર્શિકા જેઠવા

## કોલેજમાં ગાંધી જયંતિની ઉજવણી

તા. ૨-૧૦-૧૧ના રોજ ગાંધી જયંતિના પવિત્ર દિને કોલેજ ખાતે એન.એસ.એસ., સાપ્રદાયિક સેવા દ્વારા તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના સંયુકત ઉપક્રમે ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી. જેમાં એન.એસ.એસ. દ્વારા કોલેજ ગ્રાઉન્ડની સાફસફાઇ તથા સામુદાયિક સેવા દ્વારા કોલેજ બિલ્ડિંગની સાફસફાઇ કરવામાં આવી તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન દ્વારા કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓની એક મિટિંગ તથા તેમાં પૂ. ગાંધી બાપુનાં પ્રિય ભજન વૈષણવ જન તથા દેશભકિત ગીતનું ગાન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમમાં કોલેજના પ્રિ. શ્રી ડો. નાગરસાહેબ, ઉપરાંત પ્રાધ્યાપકશ્રીઓ ડો. સંગીતા બહેન પારેખ, ડો. કીર્તિબહેન જાની, ડો. રેખા બહેન મોઢા, પ્રા. સુહાગિની બહેન ગરાસિયા, ડો. સુલભા બહેન દેવજીરકર, પ્રા. વર્ષાબહેન જોષી, પ્રા. ઇલાબહેન વજરીયા, પ્રા. ભરતસિંહ ડોડીયા તથા શ્રી સુરેશભાઇ ગોરસિયા જોડાયા હતા.

## કોલેજમાં નવરાત્રી પર્વની ઉજવણી

ગોઢાણિયા મહિલા કોલેજ બિલ્ડીગમાં તા. ૩-૧૦-૧૧ના રોજ સમગ્ર સંકુલ દ્વારા નવરાત્રી પર્વની ઉજવણી રૂપે રાસોત્સવનું આયોજન સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે કરવામાં આવ્યું. જેમાં ડો. વી. આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના તમામ વિભાગો - કે.જી. થી પી.જી. સુધીની વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

આ રાસોત્સવમાં વેલ ડ્રેસ, વેલ પ્લેયર તથા દરેક વિભાગમાંથી ટોપ ટેન અને પ્રિન્સેસ તરીકેના ઇનામો શ્રેષ્ઠ સ્પર્ધકોને અપાયા. જેમા શ્રી જગદંબાની સ્પર્ધાઓ યોજવામાં આવી જેમા મહિલા કોલેજમાં વેલ પ્લેયર એન્ડ પ્રિન્સેસ કુ. ઠાકર રાધા અને વેલ ડ્રેસ કુ. શીતલ પીઠવા. સિલેકટ થયા. સંસ્થાના પ્રમુખશ્રી ડો. વિરમભાઇ ગોઢાણિયા, ટ્રસ્ટીશ્રી ભરતભાઇ વિસાણા તથા પ્રિ. શ્રી ડો. નાગર સાહેબના વરદ હસ્તે વિજેતાઓને ઇનામો અપાયા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજના પ્રિ. શ્રી ડો. નાગર સાહેબ, વાઇસ પ્રિન્સીપાલ શ્રી કગથરા સાહેબ, સાંસ્કૃતિક સમિતિના સભ્યો - ડો. ઇલાબહેન થાનકી, ડો. મુળજીભાઇ વાઘેલા, રી કલ્પનાબહેન જોષી, પ્રા. સુહાસિની બહેન ગરાસિયા, પ્રા. વર્ષાબહેન જોષી વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

## પ્રિન્સીપાલશ્રીની કલમે...

**THE MORNING CALM**

From a deep slumber I awoke
To find the serene calm of the morn
Peace, quiet, tranquility everywhere
A new day is born.
Gloom, despair engulfed darkness removed
The night runs like a frightened hound
Glowing, blushing, blossoming light
The joy in my heart unbound....
Fresh feelings, unborn thoughts
Floods in my mind, I muse
I meditate, I ponder
Oh ! how can I thy blissful repose, refuse.

## તંત્રી સ્થાનેથી

નવરાત્રીના દિવસો પૂર્ણ થયા અને દિપાવલીનો તહેવાર નજીક છે ત્યારે - જગતજનની આદ્યશકિતની કૃપા ડો. વી. આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના તમામ પરિવારજનો પર ઉતરે અને રંગો તથા પ્રકાશનું પર્વ સૌના જીવનને પ્રજ્જવલિત અને પરિપૂર્ણ કરે એવી મંગલકામના સાથે.... સૌને શુભ દિપાવલી.

સંપાદક મંડળ : ડો. રેખા એચ. મોઢા પ્રા. વર્ષા બી. જોષી પ્રા. રાકેશભાઇ કક્કડ